

(તસવીર : કશ્યપ નિમાવત)

પાનખરનો પ્રભાવ - પાટનગરમાં પાનખરનો પ્રભાવ પ્રસર્યો છે... શહેરના માર્ગો પરના વૃક્ષોના પાંદડા લગભગ ધરતી પર ચાદર બનીને પથરાયા છે... વૃક્ષો નવા પાંદડાની પ્રાપ્તિ માટે તપ કરતું હોય એવી સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં ઉભા છે... જીવનની તાસીર અને તસવીર વૃક્ષોમાં પડઘાય છે... નવા અંકુરો ફૂટશે... પાંદડા વિસ્તરશે... વૃક્ષ લીલુછમ બનશે... ફુલ અને ફળથી લચી પડશે ડાળીઓ... અને પાછા પાંદડા પાકટ થશે અને ખરી પડશે... ધરતીની ચાદર બની જશે... આ ક્રમ માનવ જીવન માટે સંદેશારૂપ છે... વૃક્ષ ઋષિની ભૂમિકામાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રિકાળ જ્ઞાન સૌને આપે છે... પાનખરનો પણ વૈભવ છે...

# મનપાની વેરા વસુલાતમાં અનોખી સિદ્ધિ

## મનપાએ મિલ્કત વેરો અને વ્યવસાયવેરાની વિક્રમી આવક : મિલ્કત વેરામાં ૨૧ કરોડની વસુલી તો વ્યવસાય વેરામાં ૫ કરોડની વસુલી મેળવી : નવી આકારણી માટેની તૈયારીમાં તંત્ર વ્યસ્ત બન્યુ છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિતેલા નાણાંકીય વર્ષ દરમ્યાન મિલ્કત વેરો તેમજ વ્યવસાય વેરાની વસુલીમાં વિક્રમજનક સિદ્ધિ હાંસલ કરી છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં સંપન્ન થયેલા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં મિલ્કતવેરાની વસુલી પેટે રૂ. ૨૧,૦૭,૮૬,૫૦૮ની વિક્રમી વસુલી કરી છે તો વ્યવસાયવેરા પેટે રૂ. ૫.૩૫ કરોડની વસુલી કરી આવકના નવા શિખરો સર કર્યા છે. જોકે હજુ વસુલાત ક્ષેત્રે ઘણુ બધુ કરવાનું બાકી છે પણ છેલ્લા વર્ષની સરખામણીએ રૂ. ૬ કરોડ જેટલો વધારો મેળવવામાં તંત્રને સફળતા મળી છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩માં મિલ્કત વેરાની વસુલી માત્ર ૬.૪૬ કરોડ હતી. જેની સામે ૨૦૧૩-૧૪માં રૂ. ૧૧.૮૦ કરોડની વસુલી આવી હતી. ૨૦૧૪-૧૫માં રૂ. ૪ કરોડની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૦૨ કરોડની વસુલી નોંધાઈ હતી, જ્યારે ૨૦૧૫-૧૬માં આ વસુલી રૂ. ૨૧.૦૭ કરોડ પર પહોંચી છે.

મિલ્કત વેરાની બાકી વસુલાત રૂ. ૫૦ કરોડથી વધુ છે એટલે તંત્ર હવે આ વસુલાત માટે જપીને બેસવાની નથી અને પ્રારંભથી જ અસરકારક વસુલાત પર ભાર મુકવાની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. હાલ એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા રિબોટ આપવાની યોજનાનો આરંભ થઈ ચુક્યો છે. પણ નવા બિલની સાથે વસુલી માટે પણ અલાયદી વ્યવસ્થા ઉભી કરવાનું તંત્ર વિચારી રહ્યાના સંકેતો સાંપડ્યા છે.

વ્યવસાય વેરાની વસુલાત માટે પણ તંત્રએ તેનું ધ્યાન કેન્દ્રીત કરી અને નવા વ્યવસાયકારોને શોધી કાઢી અને વસુલાત પર ભાર મુક્યો છે. ચાલુ વર્ષે વ્યવસાય વેરાની વસુલાતમાં પણ રૂ. ૧ કરોડનો વધારો મેળવવામાં તંત્રના અધિકારીઓને સફળતા મળી છે. આ વર્ષે તંત્રના અધિકારીઓએ રૂ. ૫.૩૫ કરોડની વસુલાત મેળવી છે. ૨૦૧૧-૧૨ અને ૧૨-૧૩ની તુલનામાં આ જંગી વધારો છે.

મનપા દ્વારા આગામી નાણાંકીય વર્ષમાં વેરા વસુલી પર ભાર મુકવામાં આવશે. નવી આકારણી કરવા માટેની એજન્સી પણ ઝડપથી નિયત કરી અને આકારણીના નવા દરો નિયત કરી નવા બિલો પણ સમયસર તૈયાર થાય તે માટે તંત્ર હાલ કવાયત કરી રહ્યું છે. નવી આકારણી માટેની લગભગ તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# શહેરમાં પાણી-ગટર વેરાની વસુલાત અન્વયે ૪૫ ટકા સિદ્ધિ

ગાંધીનગર તા ૪

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે ગત માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એડવાન્સ વેરા વસુલાત માટે હાથ ધરાયેલી ઝુંબેશના અંતે જુના સે ૧૪થી ૩૦ માં અંદાજિત સવા કરોડના બાકી માંગણા સામે ૪૪ લાખની વસુલાત કરવામાં આવી છે. જયારે બીલ વિતરણમાં ગોટાળા થયા બાદ હાલ પણ પાટનગર યોજના ભવનમાં વેરાના ચુકવણા માટે કતાર જોવા મળે છે.

## વેરા વસુલાત માટે ત્રણ વાર બીલની વહેંચણી બાદ પણ ઘણાંને બીલ મળ્યા નથી

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે ગત માર્ચ મહીનામાં એડવાન્સ વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના જુના અને નવા સેકટરો ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં અંદાજીત સવા બે કરોડના માંગણાના ઉઘરાણા માટે તંત્ર દ્વારા વસુલાત હાથ ધરવામાં આવી હતી. જયારે આ વર્ષે બીલના વિતરણમાં પણ ગોટાળા થતા તંત્ર દ્વારા સેકટરોમાં ત્રણવાર બીલનુ વિતરણ કરવાનો વારો આવ્યો હતો. જો કે બીલ વિતરણના અંતે પણ ઘણાંખરા જોડાણકર્તાઓને બીલ ન મળ્યા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જેના પરિણામે ઘણાખરા પરિવારજનોને વળતરનો લાભ મળી શકયો ન હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો હતો.જો કે તંત્ર દ્વારા જુનાબીલના આધારે પણ વેરો સ્વીકારવાની જાહેરાત કરાયા બાદ નાગરિકોએ વેરો ભરાપાઈ કરવામાં ઉત્સુકતા દાખવી હતી. શહેરના જુના સેકટરોમાંથી તંત્રએ એડવાન્સ પાણી ગટર વેરા અન્વયે અંદાજિત સવા કરોડના માંગણા સામે રૂપિયા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૭થી ૨૪ એપ્રિલ દરમ્યાન ખાસ ગ્રામસભાઓ

ગાંધીનગર, તા. ૪

આગામી ૧૪મી એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમ્યાન ગ્રામ ઉદયથી ભાવી ઉદય અભિયાન અંતર્ગત જિલ્લામાં ૧૭ થી ૨૪ એપ્રિલના સપ્તાહમાં ગ્રામસભા અભિયાન પણ યોજાશે.

મળતી વિગતે પ્રમાણે જિલ્લા પંચાયતની શિક્ષણ અને પંચાયત શાખા દ્વારા આ અંગેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

શિક્ષણ શાખા દ્વારા ૧૪થી ૧૬ એપ્રિલ દરમ્યાન બાળકોને બંધારણ બતાવી આમુખનું વાંચન કરાવવામાં આવશે તેમજ શાળાઓમાં વક્તૃત્વ, નિબંધ સ્પર્ધા જેવી સ્પર્ધાઓ પણ યોજવામાં આવનાર છે.

આ ઉપરાંત ૧૭ થી ૨૪ એપ્રિલ દરમ્યાન જિલ્લાના તમામ ગામોમાં સામાજિક સમરસતા અભિયાનના સંદેશને પહોંચાડવા માટે ખાસ ગ્રામસભાઓ યોજવામાં આવશે તેમજ કિસાન સભાઓનું પણ આયોજન કરાશે.

કિસાનસભાઓમાં કિસાનોના હિતમાં સરકારે લીધેલા નિર્ણયોની જાણકારી આપવામાં આવશે. ગ્રામસભા અભિયાનમાં રાજ્ય સરકારે અમલી બનાવેલી કલ્યાણકારી યોજનાઓ અંગેની વાતો રજુ કરાશે.

૨૪મી એપ્રિલે પંચાયત દિવસની ઉજવણી કરાશે. જેમાં પંચાયતના પદાધિકારીઓના સંમેલન તેમજ પંચાયતી રાજને વધુ સુદૃઢ બનાવવા અંગેના આયોજન પર ચિંતન બેઠક ઉપરાંત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા પંચાયતના પદાધિકારીઓને તેમના સંબોધનનું લાઈવ ટેલિકાસ્ટ પણ કરાશે.



કલાઈ - કલાઈ શબ્દ કદાચ નવી જનરેશન માટે અજાણ્યો હશે... વર્ષો સુધી પિત્તળના વાસણોને કાટ ન લાગે તે માટે કલાઈ કરાવવાની પ્રક્રિયા સમાજમાં ખુબ જાણીતી છે... કેરીની મોસમ પૂર્વે કલાઈ માટે ગામે-ગામ અને શેરી-શેરીએ ખાસ કારીગરો ભઠ્ઠી અને કલાઈની પટ્ટી સાથે પહોંચી જતા... બદલાયેલા સમયમાં સ્ટેનલેસ સ્ટીલના વાસણોના વપરાશ વધવાથી પીત્તળના વાસણો સાથે કલાઈ શબ્દ પણ ભૂલાઈ રહ્યો છે... ત્યારે શહેરના સેક્ટરોમાં વધ્યા-ઘટ્યા પિત્તળના વાસણોને કલાઈ માટે કારીગરો આજકાલ દેખાય છે... ભૂલાતી પરંપરાના પ્રતિકસમી આ તસવીર વડીલો માટે સંભારણારૂપ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# જુના સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં રસ્તાના કામો માટે સર્વે હાથ ધરાશે

## શહેરના સરકારી રહેણાંકમાં રસ્તાના કામો થયા જ નથી

ગાંધીનગર તા ૪

શહેરના જુના સેકટરોમાં આંતરિક રસ્તાનુ કામ હજુપણ બાકી છે. જુના સેકટરોના સરકારી વસાહતમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે સર્વે હાથ ધરવામાં આવશે. જયારે રસ્તાની કામગીરી માટે સર્વેના કામ બાદ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં અંદાજિત ૬૧૩ કીલોમીટરનુ રોડ નેટવર્ક છે. જયારે વર્ષ દરમિયાન માર્ગ સુધારણા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ જ શહેરના રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. આ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો નુ પણ નવિનીકરણ કરવામાં આવ્યુ હતુ. શહેરના માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફીકેશનનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે પણ નિયત સમયના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે જુના સેકટરોમાં અગાઉ રસ્તાઓનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. જયારે જુના સેકટરોમાં સ્થિત સરકારી રહેણાંક વિસ્તારમાં રસ્તાની કામગીરી હજુ બાકી છે. એકબાજુ નવ વિકસિત વિસ્તારમાં પણ માર્ગ સુધારણા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે જુના સેકટરોમાં પણ અન્ય બાકી રહેતા રસ્તાની કામગીરી તેમજ સરકારી રહેણાંક વિસ્તારમાં પણ માર્ગ નિર્માણનુ કામ હાથ ધરવા માટે સુર ઉઠવા પામ્યો છે. તંત્ર દ્વારા આ મામલે શહેરના જુના સેકટરોમાં સ્થિત સરકારી રહેણાંક વિસ્તારમાં રસ્તાની કામગીરી સંદર્ભે સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે જયારે સર્વેના અંતે સરકારી વસાહતમાં રસ્તાના બાકી કામોનો અંદાજ મેળવી માર્ગ નવિનીકરણનુ કામ હાથ ધરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.



પાપડ-અથાણાની મોસમ - ઉનાળાના આરંભ સાથે જ પ્રત્યેક પરિવારમાં પાપડ-અથાણાની મોસમ ખીલે છે... અથાણાની કેરી બજારમાં આવે તે પહેલા વર્ષ દરમિયાન વપરાશમાં લેવાનાર પાપડનું આગોતરું આયોજન ગૃહિણીઓ કરી લેતી હોય છે... આજકાલ શહેરમાં ઘરે-ઘરે પાપડ બનાવવાનો ગૃહ ઉદ્યોગ ચાલતો હોય એવા ઉત્સાહથી પોતાના પરિવાર પુરતા પાપડ વણી-સુકવી ભરી દેવામાં આવે છે... ફૂડ પેકેટના જમાનામાં પણ પાપડની પરંપરા જીવંત છે... એ જ આપણા સામાજીક સંસ્કારિતાની દેન છે... ઓળખ છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# પગરખા વિતરણ માટે નગરજનોને સહયોગ આપવા જાહેર અપીલ

ગાંધીનગર તા ૪

ઉનાળાની ધોમધખતી ગરમીમાં જરૂરિયાતમંદોને પગરખાનુ વિતરણ કરવાની ઉમદા કામગીરી કરવા બદલ શહેર વસાહત મહામંડળે ઈન્ડીયા બુક ઓફ વલર્ડ રેકર્ડમાં સ્થાન મળ્યુ છે. શહેર વસાહત મહામંડળે અત્યારસુધીમાં ૨.૫૫ લાખ જરરિયાતમંદોને પગરખાનુ વિતરણ કર્યુ છે. જયારે ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે.ત્યારે આ વર્ષે પણ મહામંડળ દ્વારા પગરખાના વિતરણ માટે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. શહેર વસાહત મહામંડળ તેમજ અરૂણોદય સેવા ટ્રસ્ટના સહાયોગથી પગરખાનુ વિતરણ કરવા માટે નગરજનોને યોગદાન આપવા મહામંડળના પ્રમુખ અરૂણ બુચે અપીલ કરી છે. તેમના જણાંવ્યા મુજબ પ્રતિવર્ષ ૧૫ થી ૨૦ હજાર જેટલા જરૂરિયાતમંદોને પગરક્ષણ પુરુ પાડવામાં આવે છે. આ વર્ષે પણ પગરક્ષણ સેવા માટે યોગદાન આપવા માટે સેકટરોના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાંવાયુ છે.

### યોગદાન આપવા સંપર્ક કરવો

| નામ | સેક્ટર | ટેલીફોન |
| --- | --- | --- |
| અરૂણભાઈ બુચ, | સે. ૨૦ | ૨૩૨-૬૦૩૭૦, |
| પ્રમુખ શહેર વસાહત મહામંડળ | | ૯૮૨૫૦૧૮૧૭૪ |
| કિશોરભાઈ દવે | સે. ૧ | ૨૩૨-૨૪૩૩૯ |
| બી.પી. પરમાર | સે. ૧ | ૨૩૨-૨૩૩૬૪ |
| કૈલાસબેન જોષી | સે. ૩ | ૨૩૨-૩૨૫૭૧ |
| કશ્યપભાઈ મહેતા | સે.૪-એ | ૨૩૨-૩૬૩૩૦ |
| શશીકાંતભાઈ મોઢા | સે. ૪-એ | ૯૪૨૬૮-૭૧૮૯૨ |
| નિલેન્દુભાઈ વોરા | સે.૫-એ | ૨૩૨-૩૩૪૪૫ |
| ચંદુજી ઠાકોર (ફતેપુરા) | સે. ૧૫ | ૯૯૭૯૫-૦૭૫૭૬ |
| જી.એન. ખારોડ | સે. ૨૦ | ૨૩૨-૬૦૦૬૪ |
| સી.પી. સોની | સે. ૨૧ | ૨૩૨-૨૧૮૩૫ |
| શ્રીમતી લત્તાબેન ચોકસી | સે. ૨૩ | ૨૩૨-૨૦૧૬૦ |
| સુધીરભાઈ દેસાઈ | સે. ૨૩ | ૨૩૨-૨૫૨૯૭ |
| સીતારામ પટેલ | સે. ૨૮ | ૯૩૭૪૬-૦૬૩૭૬ |
| નિસર્ગ બુચ | સે. ૨૮ | ૨૩૨-૧૨૪૮૩ |
| કિશોર જીકાદરા | સે. ૩૦ | ૯૮૭૯૪-૭૫૧૩૦ |

# સેમેસ્ટર-૨માં બે પ્રશ્નોને બાદ કરતા ભૌતિક વિજ્ઞાનનુ પેપર સરળ

ગાંધીનગર તા ૪

ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં આજે ભૌતિક વિજ્ઞાનનુ પેપર સરળ અને પુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓનો ભાર હળવો થયો હતો. વિભાગ અ માં બે પ્રશ્નો લાંબી અને અટપટી ગણતરીવાળા હોવાથી વિદ્યાર્થીઓને સમય ઓછો પડયો હતો. જયારે વિભાગ બ ના પ્રશ્નો પણ સરળ પુરવાર થયા હતા.જિલ્લામાંથી ૬૧૩૮ વિદ્યાર્થીઓએ ભૌતિકવિજ્ઞાનની પરિક્ષા આપી હતી.

ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં મુખ્ય ત્રણ વિષય પૈકી છેલ્લે આજે ભૌતિકવિજ્ઞાનની પરિક્ષા યોજવામાં આવી હતી. જેમાં જિલ્લામાંથી કુલ ૬૧૫૦પૈકી ૬૧૩૮ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૧૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.

ભૌતિકવિજ્ઞાનના પેપર અંગે વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ કે વિભાગ અ માં ૨ પ્રશ્નો લાંબી અને અટપટી ગણતરીવાળા હોવાથી વિદ્યાર્થીઓનો સમય ખુટયો હતો. જયારે અન્ય પ્રશ્નો સરળ પુરવાર થયા હતા.વિભાગ બ માં પણ થિયરીના વિકલ્પમાં પણ દાખલા પુછાયા હતા. જે વિદ્યાર્થીઓને અત્યંત સરળ લાગ્યા હતા. જેના લીધે પ્રશ્નોના ઉત્તર આપવામાં પણ સરળતા રહી હતી.

પ્રશ્નપેપરમાં તમામ પ્રશ્નો પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને હાંશકારો થયો હતો. ભૌતિકવિજ્ઞાનનુ પેપર પણ અંતમાં સરળ નિકળતા પરિક્ષાર્થીઓમાં ખુશહાલી પ્રવર્તી હતી. પરિક્ષા દરમિયાન જિલ્લામાં કોઈપણ પ્રકારની ગેરરીતીનો કીસ્સો પ્રકાશમાં આવ્યો ન હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

॥ શ્રદ્ધાંજલિ ॥



સ્વ. રાજદિપસિંહ જે. રહેવર

સ્વ. તા: ૨૫-૩-૨૦૧૬ (ગાંધીનગર)

આપને કદી ન ભૂલતાં
આંખો અમારી સુકાતી નથી,
મન હિંમત હારી ગયું છે,
કાન સાંભળવા સમર્થ રહ્યા નથી,
પગ ચાલી શકતા નથી,
આપની કારમી અણધારી વિદાયથી
શરીરના દરેક અંગો ધ્રુજી ગયા છે, ત્યારે
આપને અમારી અશ્રુભીની શ્રદ્ધાંજલિ..
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

નિતીન ઠક્કર ● અંજના ઠક્કર ● રાજ ઠક્કર
નવભારત ટુર્સ પરિવાર - અમદાવાદ

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com